| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૦/૦૨/૨૦૨૦ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૦**

**ક્રાઇમબ્રાંચ :**

**"ઓરિસ્સામાં દબાણ હટાવતા વિડીયોને અમદાવાદનો વિડીયો હોવાનું બતાવી ફેસબુક ઉપર પોસ્ટ કરનાર ઇસમની ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ"**

તાજેતરમાં અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુજરાતના અમદાવાદ શહેર ખાતે નવનિર્મિત મોટેરા સ્ટેડિયમના ઉદ્દઘાટન સમારંભમાં તા.24/02/2020 ના રોજ પધારનાર હોય જેથી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ તથા સાયબર ક્રાઇમ બ્રાન્ચ ના અધિકારી શ્રીઓ સોશિયલ મિડીયામાં થતી પોસ્ટ બાબતે ચેકિંગ કરી રહેલ હતા તે દરમ્યાન સાયબર ક્રાઇમના વાયરલેસ પો.સ.ઇ એચ.એન.પ્રજાપતિ નાઓ સોશિયલ મિડીયાના જુદા જુદા પ્લેટફોર્મ ઉપર મોનીટરીંગની કામગીરી કરી રહેલ તે દરમ્યાન તા.09/02/2020 ના કલાક 20/56 વાગે "Vinod Thakor Shankheshwar" નાએ એક વિડીયો પોસ્ટ કરેલ જેમાં જાહેર રોડ ઉપર જેસીબી મારફતે લારી ગલ્લાઓને તોડી દબાણ દુર કરતા કર્મચારીઓ દેખાય છે આ પોસ્ટમાં ગુજરાતીમાં "અમદાવાદ માં અમેરીકા ના રાષ્ટ્રપતિ આવવાના છે તો ગરીબનુ જીવન ધુળ ધાણી કરી નાખ્યુ ભાજપ સરકારે" તેવુ લખાણ લખી ઓરીસ્સાનો વિડીયો હોવા છતાં વિડીયો ગુજરાતનો હોવાનું પોસ્ટ કરી જાહેર જનતાની ઉશ્કેરણી કરેલ હોય જે બાબતે વાયરલેસ પો.સ.ઇ એચ.એન.પ્રજાપતિ નાઓએ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ આપતા ઇ.પી.કો કલમ 153, 504 મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો

જે ગુનાના કામે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીશ્રીઓ આરોપીને શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરેલ જેમાં ફેસબુક યુઝર "Vinod Thakor Shankheshwar" બાબતે તપાસ કરતા વિનોદકુમાર કાંતિજી ઠાકોર રહે.389 ખોડીયારનગર શંખેશ્વર તા.શંખેશ્વર જી.પાટણનો હોવાનું જાણવા મળતા જેને તા.19/02/2020 ના કલાક 22/15 વાગે અટક કરવામાં આવેલ છે.તાજેતરમાં અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમના ઉદ્દઘાટનમાં આવનાર હોય જેથી જાહેર જનતામાં તેનો ઉશ્કેરાટ થાય તે હેતુથી આ વિડીયો પોસ્ટ કરેલ હોવાનું તપાસમાં જણાઇ આવેલ છે.જેની વિશેષ પૂછપરછ પો.સ.ઇ એન.એચ.ચુડાસમા નાઓ ચલાવી રહેલ છે.

# પાસા અટકાયતીની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૯.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેર ના માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીના હાથમા મો.ફોન ઝુટવી ચીલઝડપ કરી ચોરી કરી લઈ જનાર તેમજ ફરીયાદીને મારી વિરુધ્ધમા ફરીયાદ કેમ કરેલ છે તેમ જણાવી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીરે ઈજાઓ કરનાર માથાભારે અને જનુની ઈસમ નામે સંજયભાઈ ઉર્ફે સેંધો વિષ્ણુભાઈ પરમાર રહેવાસી- દેવા મહારાજની ચાલી કાજીમીયાનો ટેકરો માધવપુરા અમદાવાદ વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સંજયભાઈ ઉર્ફે સેંધો વિષ્ણુભાઈ પરમાર રહેવાસી- દેવા મહારાજની ચાલી કાજીમીયાનો ટેકરો માધવપુરા અમદાવાદ |

- અમદાવાદ શહેરના વાડજ અને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોને વિશ્વાસમા લઈ સોનાના દાગીનાના બદલામા રુપીયા આપવાનો ભરોસો આપી લોકોને નકલી સોના ચાંદીના દાગીના આપી પૈસા મેળવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સંજય ઉર્ફે કાળીયો કાંતીભાઈ ભીલ રહેવાસી- લીમડાના કાચા છાપરામા રાજયાપીરની દરગાહ ની બાજુમા ભદ્રેશ્વર પાણીની ટાકી પાસે સરદારનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સંજય ઉર્ફે કાળીયો કાંતીભાઈ ભીલ રહેવાસી- લીમડાના કાચા છાપરામા રાજયાપીરની દરગાહ ની બાજુમા ભદ્રેશ્વર પાણીની ટાકી પાસે સરદારનગર અમદાવાદ |

- આ ઉપરાંત પ્રોહીબીશનના ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી **કુલ્લે ૦૩ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.